**Shri Govind Guru University, Godhra**
(Established Vide Gujarat Act No. 24/2015)
**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા**
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં.એસજીજીયુ/પ્રવેશ/મપસ/બી.એડ્./૨૦૧૯/૪૩૨૨૬ તા. ૨૨/૦૮/૨૦૧૯

**પરિપત્ર-૯૨૪**

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન શિક્ષણ વિધાશાખા હેઠળની નીચે મુજબની કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે એન.સી.ટી.ઈ. ન્યુદિલ્હીની તા.૧૯ થી ૨૧ ઓગષ્ટ ૨૦૧૯ ના રોજ મળેલ મીટીંગ નં.૩૧૦ ની મિનીટ્સ અને આપના પત્રો અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૧ માટે રચવામાં આવેલ મધ્યસ્થ પ્રવેશ સમિતિના નિર્ણય અનુસાર આપની કોલેજમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ પાસેથી તા.૨૩/૦૮/૨૦૧૯ થી તા.૨૬/૦૮/૨૦૧૯ સુધીમાં કોલેજ કક્ષાના પ્રવેશ માટેનું આવેદનપત્ર સ્વીકારી તા.૨૭/૦૮/૨૦૧૯ ના રોજ તમામ અરજીપત્રકો સાથે નીચે દર્શાવ્યા અનુસારની બાબતો ધ્યાનમાં રાખી નિયત નમુનામાં મેરીટ યાદી તૈયાર કરી તેને યુનિવર્સિટી ખાતે પ્રમાણિત કરાવવાની રહેશે. અને તા.૨૮/૦૮/૨૦૧૯ ના રોજ યુનિવર્સિટી દ્વારા પ્રમાણિત મેરીટયાદી કોલેજ ખાતે પ્રસિધ્ધ કરી તા.૨૮/૦૮/૨૦૧૯ થી તા.૨૯/૦૮/૨૦૧૯ સુધીમાં મેરીટમાં સમાવિષ્ટ વિદ્યાર્થીઓને કોલેજ ખાતે માહિતી પુસ્તિકામાં દર્શાવેલ નિયત ફી ભરાવી તથા જરૂરી ડોક્યુમેન્ટની સ્વપ્રમાણિત નકલ સ્વીકારી પ્રવેશ નિશ્ચિત કરાવવાનો રહેશે.

૧. શ્રીમતી કે.સી.એમ. શાહ બી.એડ્. કોલેજ, કાંકણપુર,
૨. નાલંદા બી.એડ્. કોલેજ, વીરપુર
૩. એચ.એમ. ભૂરા બી.એડ્. કોલેજ, સંતરામપુર

1) આ માટે વિધાર્થીએ યુનિવર્સિટી કક્ષાનું પ્રવેશ ફોર્મ ફરજિયાતપણે ભરેલ હોવું જરૂરી છે.
2) મેરીટ યાદી વિષયવાર, ખાલી બેઠકોની સંખ્યા મુજબ રાજ્ય સરકારશ્રી દ્વારા નિયત નિયમો અનુસાર રિઝર્વેશન કેટેગરીને ધ્યાનમાં રાખી તૈયાર કરવાની રહેશે.
3) શિક્ષણ વિભાગના તા. ૦૬/૦૭/૨૦૧૯ ના પત્ર ક્રમાંક:પરચ/૧૦૧૯/૯૦૫/ખ અનુસાર આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટે ૧૦% બેઠકોનો વધારો વિદ્યાર્થી ઊપલબ્ધ હોય તો તેનો પણ સમાવેશ મેરીટ યાદીમાં અલગથી કરવાનો રહેશે. જો EWS કેટેગરીનો વિદ્યાર્થી ઉબલબ્ધ નાં હોય તો તે EWS ની બેઠકો ખાલી રાખવાની રહેશે.
4) મેરીટ યાદી તૈયાર કરતી વખતે એન.સી.ટી.ઈ. અને યુનિવર્સિટીના અનામતના ધોરણો તથા નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
5) મેરીટ યાદીની સોફ્ટકોપી એમ.એસ. એક્સેલ ફોરમેટમાં (ટાઈમ્સ ન્યુ રોમન ફોન્ટ)માં તૈયાર કરી અને આચાર્યના સહી/સિક્કા સાથે હાર્ડકોપી સાથે જમા કરાવવાની રહેશે.

સચિવ
બી.એડ્./એમ.એડ્. મધ્યસ્થ પ્રવેશ સમિતિ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,
- શ્રીમતી કે.સી.એમ. શાહ બી.એડ્. કોલેજ, કાંકણપુર, નાલંદા બી.એડ્. કોલેજ, વીરપુર તથા એચ.એમ. ભૂરા બી.એડ્. કોલેજ, સંતરામપુરના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.